### વિધાનસભા ચૂંટણી જંગ

# ઉત્તર ગુજરાતમાં ભા.જ.પ.-કોંગ્રેસ-આમઆદમી પાર્ટીની નજર ૩૫ લાખ મહિલા મતદારો ઉપર

**મહિલા મતદારોને રીઝવવા રાજકીય પક્ષોએ મહિલા બ્રિગેડને મેદાનમાં ઉતારી**

બાયડ, તા.૨૯

ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાની ૨૭ વિધાનસભા બેઠક માટે ખરાખરીનો જંગ જામ્યો છે. તા.૫ ડિસેમ્બરે મતદાન યોજાવાનું છે ત્યારે કેટલીક બેઠકો ઉપર મોટાપાયે ઉથ્થલ-પાથ્થલની સંભાવના ધ્યાને રાખી બંન્ને મુખ્ય રાજકીય પક્ષ ભા.જ.પ.-કોંગ્રેસ-આમઆદમી પાર્ટી દ્વારા મહિલા મતદારો ઉપર નજર ટેકવવામાં આવી છે. કેટલાક અપક્ષો જીતનું ગણિત બગાડી શકે તેમ છે. ત્યારે ઉત્તર ગુજરાતની ૩૫,૪૯,૩૭૮ મહિલા મતદારોને પોતાની તરફેણમાં કરવા રાજકીય પક્ષોએ મહિલા બ્રિગેડને મેદાનમાં ઉતારી દીધી છે. ટૂંકમાં જંગ ભલે ભા.જ.પ.-કોંગ્રેસ કે આમઆદમી પાર્ટી વચ્ચે હોય પરંતુ ગાંધીનગરની ગાદીની ચાવી મહિલા મતદારો પાસે છે તે આખરે રાજકીય પક્ષોએ સ્વીકારી લીધું છે.

સમય બદલાયો છે મહિલાઓ પણ હવે દરેક ક્ષેત્રે પોતાના હક્ક માંગવા આગળ આવી રહી છે. રાજકીય પક્ષો દ્વારા મહિલાઓને વધુ ને વધુ ટીકીટો ફાળવવાની ભા.જ.પ.-કોંગ્રેસ નેતાગીરીએ હૈયાધારણા આપ્યા પછી પણ મહિલા ઉમેદવારોની સરેઆમ ઉપેક્ષા થઈ છે. ઉત્તર ગુજરાતની ૨૭ વિધાનસભા બેઠકમાં કોંગ્રેસ-ભાજપ દ્વારા ૧-૧ મહિલાને ટીકીટ આપતાં રાજકીય પક્ષોના મહિલા અગ્રણીઓમાં નેતાગીરી સામે વ્યાપક અસંતોષ છૂપો રહ્યો નથી તેમ છતાં ચૂંટણીને પારિવારીક અવસર માની મહિલા કાર્યકરો પોતાના પક્ષના ઉમેદવારને જીતાડવા ગામડાં ખુંદી રહી છે. ઉત્તર ગુજરાતમાં મહિલા મતદારો આ વખતે નિર્ણાયક ભૂમિકા ભજવશે તે નિશ્ચિત બન્યું છે. તેથી ચૌકાના બનેલા રાજકીય પક્ષોએ ૩૫.૪૯ લાખ મહિલા મતદારોને પોતાના તરફી મતદાન કરાવવા માટે એડી ટોચનું જોર લગાવવામાં આવ્યું છે. ઉમેદવારોને પણ કોઈપણ ગામમાં પ્રચાર માટે જાય ત્યારે મહિલા અગ્રણીઓને ખાસ સ્થાન આપવાની સૂચનાઓ પણ આપવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

**ઉત્તર ગુજરાતમાં મહિલા મતદારો...**

| જિલ્લો | મહિલા મતદાર સંખ્યા |
|---|---|
| સાબરકાંઠા | ૫,૪૧,૩૩૭ |
| અરવલ્લી | ૪,૦૭,૪૨૨ |
| પાટણ | ૫,૬૭,૯૩૨ |
| મહેસાણા | ૮,૩૫,૫૯૩ |
| બનાસકાંઠા | ૧૧,૯૭,૦૯૪ |

# ગૃહમંત્રી અમિત શાહે યુવાઓને જીગરના ટુકડા કહીં યુવા મતદારોને રીઝવવાનો પ્રયાસ

### ભિલોડામાં વિજય સંકલ્પ સેમલનમાં કોંગ્રેસ પ્રહારો





મોડાસા, તા. ૨૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનો જંગ જામ્યો છે અરવલ્લી જીલ્લાની ત્રણે બેઠકો પર કોંગ્રેસના પંજાની પકડ મજબૂત છે કોંગ્રેસનો ગઢ ધ્વસ્ત કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મોડાસામાં જંગી સભા સંબોધન કર્યા પછી ગૃહ મંત્રી અમિત શાહે ભિલોડામાં સભા ગજવી હતી ભિલોડા બેઠક પર પી.સી.બરંડાને જંગી બહુમતીથી જીતાડવા અપીલ કરી હતી જીલ્લામાં યુવા મતદારોને આકર્ષવા સંબોધનની શરૂઆતમાં મારા જીગરના ટુકડા જેવા યુવા મિત્રો કહીં યુવા મતદારોને આકર્ષવા પ્રયત્ન કર્યો હતો.

દેશના ગૃહમંત્રી અમિત શાહે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાબરકાંઠામાંથી અરવલ્લી જીલ્લાનું નિર્માણ કરી વિશ્વની સૌથી પુરાણી પહોડોની હારમાળા જીલ્લો બનતાની સાથે ભારતના નકશા પર ઉપસી આવી દેશમાં ગુંજતું કર્યુ હતું રામ મંદિર અને કાશીમરમાં ૩૭૦ આર્ટિકલ નાબુદી અંગે કોંગ્રેસ પર ચાબખા માર્યા હતા કોરોનાની વિના મુલ્યે રસી, રાંધણ ગેસ અને વીજળી સહીતની સરકારી યોજનાઓના લાભ ગણાવ્યા હતા ગુજરાતના તીર્થધામના વિકાસ અને પાવાગઢની ધ્વજા રોહણ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જશ આપ્યો હતો ભિલોડા બેઠક પરના ઉમેદવાર પી.સી.બરંડાને જંગી બહુમતીથી વિજય બનાવવા અપીલ કરી હતી.

# પ્રાંતિજ તલોદ તાલુકાના આમ આદમી પાર્ટીના ૧૦૦ જેટલા આગેવાનો ભાજપમાં જોડાયા

તલોદ તા ૨૯

આગામી પાંચ ડિસેમ્બરે યોજાનારી વિધાનસભા ની ચુંટણીમાં પ્રચાર અભિયાન માં શિયાળા ની ઠંડી માં પણ રાજકિય ગરમી આવી છે જે અંતર્ગત પ્રાંતિજ વિધાન સભા બેઠક પર પણ પ્રચાર કાર્ય ની સાથેસાથે પક્ષ પલટા નો માહોલ તેજ થવા લાગ્યો છે પ્રાંતિજ વિધાનસભા બેઠક ના ભાજપ ના ઉમેદવાર ગજેન્દ્ર સિંહ પરમાર ના પ્રચાર અભિયાન દરમિયાન ભાજપ તરફી જીત નુ વાતાવરણ ઉભુ થવા પામ્યું છે જેના ભાગરૂપે પ્રાંતિજ વિધાનસભા મત વિસ્તારમાં આવેલા મહિયલ ગામ ના ક્ષત્રિય સમાજના આગેવાન થોડાક સમય પહેલા આદમી પાર્ટી માં જોડાયા હતા તેઓ ગજેન્દ્રસિંહ પરમાર ની કામગીરીથી પ્રભાવિત થઈ પચીસ જેટલા કાર્યકરો આગેવાનો સાથે ગજેન્દ્રસિંહ પરમાર ના હસ્તે ભાજપ નો ખેસ ધારણ કરી કેસરિયા રંગે રંગાઈ ગયા હતા. બીજા એક પાટીદાર સમાજ નું પ્રભુત્વ ધરાવતા મતવિસ્તાર માં આવતા જવાનપુરા ગામ ખાતે આમ આદમી પાર્ટીના પચાસ જેટલા કાર્યકરો અને આગેવાનોને સલાટપુર ગામના સરપંચ અને ભાજપ ના યુવા આગેવાન જતીન ભાઈ પટેલ ના હસ્તે ભાજપ નો ખેસ પહેરાવી સ્વાગત કર્યું હતું આ પ્રસંગે ગામના સરપંચ સુભાષ ભાઈ પટેલ, અશોક પટેલ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા



પ્રાંતિજ વિધાનસભા મત વિસ્તારમાં આમ આદમી પાર્ટી ના કાર્યકરો ભાજપ માં જોડાઈ જતાં આમઆદમી પાર્ટી ના ઉમેદવાર ડિપોઝિટ બચાવવામાં સફળ રહેશે કે કેમ એ ચર્ચા નો વિષય બન્યો છે

# પ્રાંતિજના અંબાવાડાના ઈસમની ગાડીનો કાચતોડી રૂપિયા-૨,૧૧,૫૦૦ના સોના દાગીનાની ચોરી

પ્રાંતિજ તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના અંબાવાડા ગામનો પરિવાર હિંમતનગર ના હડીયોલ ગામે પાર્ક કરેલ ગાડી નો કાચ તોડી અજાણ્યા ચોર ઈસમો ૨,૧૧,૫૦૦ ના દાગીના ભરેલ પર્સ ચોરી કરી લઈ જતા કાર માલિક દ્વારા હિંમતનગર ડી ડિવિઝન પોલીસ સ્ટેશન મા અજાણ્યા ચોર ઈસમો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી.

પ્રાંતિજ ના અંબાવાડા ખાતે રહેતા જીજ્ઞેશકુમાર ભીખાલાલ પટેલ કે જેવો ના ભાણા નુ લગ્ન હોય તેવો હડીયોલ ખાતે પોતાની કાર મા પરિવાર સાથે લગ્ન પ્રસંગ મા ગયા હતા અને હડીયોલ ખાતે ભાગ્ય સી સોસાયટી આગળ હોન્ડાઈ કંપનીની કાર નંબર ય્નત્ર૦૯ મ્ઈ૧૧૨૪ કાર પાર્ક કરી ને તેવો અંદર ગયા હતા અને દશ મીનીટ માજ પાછા પરત ફરતા તેવો કાર નો પાછળના દરવાજા નો કાચ તોડી કાર મા રહેલ કપડા ના થેલા તથા કાર મા રહેલ પાછળ ની સીટ ઉપર મુકેલ પર્સ જેમા મા રહેલ સોના ના દાગીના એમા મંગળસૂત્ર આશરે અઢીતોલાનુ જેની કિ.૧,૧૭,૫૦૦ , સોનાની બુટ્ટીઓ બે જોડ તથા એક સોનાની વીંટી વજન આશરે ૧ તોલા જેની કિં.૪૭,૦૦૦ તથા સોનાનુ ડોકીયુ વજન આશરે ૧ તોલા કિં ૪૭,૦૦૦ મળી કુલ કિ.રૂ.૨,૧૧,૫૦૦ ના દાગીના ની કોઈ ચોર ઈસમો ચોરી કરી લઈ જતા કાર માલિક જીજ્ઞેશકુમાર પટેલ દ્વારા આ અંગેની પોલીસ ફરીયાદ હિંમતનગર એ ડિવિઝન પોલીસ સ્ટેશન મા કરતા હિંમતનગર પોલીસ દ્વારા આઈપીસીકલમ ૪૬૧,૩૭૯ મુજબ અજાણ્યા ચોર ઈસમો વિરૂધ્ધ ગુનોનોંધી આગળની તપાસ એચ.એમ.કાપડીયા દ્વારા હાથધરવામા આવી હતી.

### પ્રાંતિજ ખાતે મતદાન જાગૃતિ રેલી યોજાઇ

# પ્રાંતિજ-તલોદના પ્રાંત અધિકારી દ્વારા લીલીઝંડી આપી રેલીને પ્રસ્થાન કરાવ્યુ

**તાલુકા સેવા સદનથી હાઇવે ત્રણ રસ્તા સુધી પોસ્ટરો બેનરો સાથે રેલી નિકળી : ઊંટલારીઓ વિદ્યાર્થીઓ શિક્ષકો સાથે વિશાળ રેલી યોજાઇ**


પ્રાંતિજ તા.૨૯

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે મતદાન જાગૃતિ રેલી યોજાઇ હતી જેમાં મતદારો ને વધુ માં વધુ મતદાન કરી મજબૂત લોકશાહિનું નિર્માણ થાયતે માટે મતદાન જાગૃતિ રેલી યોજાઇ.



આગામી પાંચ ડિસેમ્બર માં વિધાનસભા ની ચુંટણી ૨૦૨૨ યોજાનાર છે જેમાં મતદારો વધુમાં વધુ મતદાન કરી મજબૂત લોકશાહી નું નિર્માણ થાય તે માટે ચુંટણી તંત્ર દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રાંતિજ તાલુકા સેવાસદન થી પોસ્ટરો વિવિધ બેનરો સાથે ઉટલારીઓ સાથે શાળાના બાળકો શિક્ષકો સાથે રેલી નિકળી હતી જેમાં પ્રાંતિજ-તલોદ ના પ્રાંન્ત અધિકારી અને ચુંટણી અધિકારી એમ.એન.ડોડીયા દ્વારા લીલીઝંડી આપીને રેલીનુ પ્રસ્થાન કરાવ્યુ હતુ તો પ્રાંતિજ ખાતે આવેલ શેઠ.પી.એન્ડરઆર હાઈસ્કુલ , એકસપરિમેન્ટલ હાઈસ્કુલ , અવરઓન હાઈસ્કુલ , સર્વોદય હાઈસ્કુલ તથા કોલેજ ના વિધાર્થીઓ શિક્ષકો સાથે રેલી યોજાઈ હતી જેમા વિધાર્થી હાથમા મતદાન જાગૃતિ અંગે હાથ મા વિવિધ પોસ્ટરો સાથે નિકળી હતી અને અવસર અનોખો ગુજરાત નો ,અવસર ગુજરાત વિધાન સભા ચુંટણી નો અને અવસર લોકશાહી નો અને અવસર આપ ના સોવ નો સાથે મતદાન જાગૃતિ રેલી નિકળી હતી તો આ પ્રસંગે પ્રાંતિજ મામલતદાર વી.આર.પટેલ , સિરેસદાર અશ્વિન ભાઈ , નાયબ મામલતદાર દિગ્વિજયસિંહ , સહિત વિવિધ શાળા શિક્ષકો શિક્ષિકાઓ વગેરે મોટી સંખ્યામાં રેલી મા જોડાયા હતા અને રેલી પ્રાંન્ત કચેરી થી નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ ત્રણ રસ્તા ખાતે રેલી નુ સમાપન કરવામા આવ્યુ હતુ.

# પ્રાંતિજના ચંચળબા નગર ખાતે પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો



પ્રાંતિજ તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના ચંચળબાનગર ખાતે ત્રિદિવસીય પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમ પૂર્વક ઉજવવામા આવ્યો. પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના ચંચળબાનગર નગર ખાતે શ્રી ગણપતિદાદા, શ્રી અંબાજીમાતા, શ્રી હનુમાન દાદા, શ્રી ભૈરવદાદાની પ્રતિષ્ઠા મહોત્સવ ત્રિદિવસીય કાર્યક્રમ યોજાયો હતો જેમા હવન પુજા મહા આરતી સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા જયારે અજય કુમાર કુંજબિહારી મિશ્રા પરિવાર દ્વારા મુખ્ય યજમાન તરીકે લાભ લીધો હતો. તો આ પ્રસંગે મહંત સુનીલ દાસજી મહારાજ તથા પ્રાંતિજ સહિત તાલુકામાંથી ધર્મ પ્રેમી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને હવન મહાઆરતી સહિત દર્શન નો લાભ લઈ પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી.

# કાયદા કાનુન શાખાની કોલેજ કોલેજ કાંટ (ડીસા) ખાતે બંધારણ દિવસની ગૌરવભરી ઉજવણી

પાલનપુર તા.૨૯

શ્રી સર્વોદય એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત લો સર્વોદય એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ ના પ્રમુખશ્રી તથા ટ્રસ્ટ સંચાલિત લો કોલેજ ના ઈન્ચાર્જ



કોલેજ દ્વારા ગતરોજ બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ શ્રીમતી ડો. બિનલબેન એસ. પટેલ, ઈન્ચાર્જ પ્રિન્સિપાલ લો કોલેજ હિંમતનગર, શ્રી પ્રિન્સિપાલ પીયૂષભાઈ કાનુડાવાળા, આર્ટસ અને કોમર્સ કોલેજ અને માધ્યમિક અને પ્રાથમિકના પ્રિન્સિપાલ શ્રી તેમજ તમામ સ્ટાફ તેમજ લો કોલેજના તમામ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તથા વાખ્યાતા શ્રીમતી ડો. બિનલબેન એસ પટેલ દ્વારા બંધારણ ઉપર વ્યાખ્યાન આપવામાં આવેલું હતું. તેમજ બંધારણના આદર્શો, મૂલ્યો, નૈતિકતા, તથા બંધારણ દ્વારા આલેખાયેલ કલ્યાણ રાજ્યની ભૂમિકા, મૂળભૂત અધિકારો, મૂળભૂત ફરજો, અને રાજ્ય નીતિના માર્ગદર્શક સિદધાંતો પર જ્ઞાનસભર માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શ્રી સર્વોદય એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટના પ્રમુખશ્રી દ્વારા નૈતિક મૂલ્યો ઉપર વ્યાખ્યાન આપવા આવેલું હતું. આ સાથે બંધારણ દિવસની ઉજવણીમાં બંધારણ વિષય ઉપર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિજેતા થનાર પ્રથમ, દ્વિતીય, અને તૃતીય નંબરના વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

# પાલનપુર પંથકના સામઢીના યુવક પાસેથી દેશી હાથ બનાવટની પીસ્ટલ ઝડપાઈ

પાલનપુર તા.૨૯

બનાસકાંઠા જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે પેટ્રોલિંગ દરમ્યાન પાલનપુર તાલુકામાં સામઢી ગામ થી ગઢ જતા રોડ પર એક શંકાસ્પદ ઈસમની તલાશી લેતા તેની પાસે થીપાસ પરમીટ વગરની દેશીહાથ બનાવટની એક પીસ્ટલ અને બે જીવતા કારતુસ મળી આવતારૂ.૧૦૧૦૦ના મુદ્દામાલ આરોપીની અટકાયત કરવામાં આવી હતી. બનાસકાંઠા જિલ્લામા ગેરકાયદેસરના હથીયારોની પ્રવૃત્તિ નેસ્ત નાબુદ થાય તે અંગે કડક અમલવારી કરવા જિલ્લા પોલીસ વડા અક્ષય રાજ મકવાણા ની સુચના અનુસાર એલસીબી પોલીસની ટીમ ગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી દરમ્યાન ખાનગી બાતમીના આધારે સામઢીથી ગઢ તરફ જતા રોડ ઉપર નરેશસિહ ઈશ્વરસિહ સોલંકી રહે.સામઢી મોટાવાસવાળા ની તલાશી લેતા તેની ફાંટ માંથી ગેર કાયદેસર અને પાસ પરમીટ વગરની રૂ.૧૦ હજારની કિંમતની એક દેશીહાથ બનાવટની પીસ્ટલ અને બે જીવતા કારતુસ મળી આવતા રૂ.૧૦૧૦૦ ના મુદ્દામાલ સાથે આરોપી ની અટકાયત કરાઈ હતી. અંને તેને આ દેશી પીસ્ટલ આપનાર ઈમરાન ઉર્ફે ભુરો ઈલીયાસભાઇ સીંધી રહે.નાનીબજાર, જુના ડાયરા પાલનપુર વાળા સામે ગઢ પોલીસ મથકે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**એલસીબી પોલીસે સામઢીમાં શંકાસ્પદ ઇસમની તલાશી લેતા પીસ્ટલ મળી આવી**

# જુનાડીસા કોલેજમાં મતદાન જાગૃતિ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી

પાલનપુર તા.૨૯

ડીસા યુવક સંઘ સંચાલિત ઓસવાલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ જુનાડીસામાં તારીખ ૨૫/૧૧/૨૦૨૨ ના રોજ મતદાન જાગૃતિ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત ચિત્ર તેમજ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. વિજેતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અધ્યાપકો દ્વારા તમામ વિદ્યાર્થીઓને મતદાન એટલે શું, તેનું મહત્વ, મતાધિકારનું મહત્વ વગેરે મુદ્દાઓ પર સમજૂતી આપી હતી. આ કાર્યક્રમ આચાર્યશ્રીનાં અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. વિશેષમાં કોલેજના સ્પોર્ટસનાં ક્રિકેટ ટીમના વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી કક્ષાએ યોજાયેલ ઈન્ટર ક્રિકેટ ટુર્નામેન્ટના પ્રથમ રાઉન્ડમાં વિજય મેળવતા તમામ વિદ્યાર્થીઓને આચાર્યશ્રી તેમજ સ્ટાફ દ્વારા શુભેચ્છાઓ પાઠવી હતી.




# ચૂંટણી જંગ - હિંમતનગર, ખેડબ્રહ્મા, બાયડ અને ભિલોડા બેઠક ઉપર જૂથવાદથી ભાજપ-કોંગ્રેસ ચિંતિત

**અનેક કાર્યકરોની નારાજગી અને જૂથવાદ ડામવામાં રાષ્ટ્રીય પક્ષની નેતાગીરી નિષ્ફળ**

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૯

જિલ્લાની ૭ વિધાનસભા બેઠકનો ચૂંટણી જંગ શરુ થયો છે પરંતુ ચૂંટણી પ્રચાર મોટાભાગના મત વિસ્તારોમાં નિસ્તેજ જણાઈ રહ્યો છે જેથી હવે રાષ્ટ્રીય નેતાઓ કાર્યકરોને ચાર્જ કરે તેવી મથામણ શરુ થઈ છે. જિલ્લાની હિંમતનગર, ખેડબ્રહ્મા, બાયડ અને ભિલોડા બેઠક ઉપર જૂથવાદથી ભાજપ અને કોંગ્રેસની નેતાગીરી ચિંતિત હોય તેવું જોવા મળ્યું છે. જ્યારે આમઆદમી પાર્ટીએ તમામ બેઠકો ઉપર પોતાના ઉમેદવાર ઉભા રાખી વકરો તેટલો નફો રળવાનો પ્રયાસ કર્યો છે. ભાજપ તરફે બંન્ને જિલ્લામાં નરેન્દ્ર મોદી અને અમિત શાહની ચૂંટણી સભાના આયોજન થતાં તેનો પ્રભાવ કેવો પડશે તેનું આંકલન શરુ થયું છે. પ્રાપ્ત જાણકારી અનુસાર ગત વિધાનસભામાં ૭ પૈકી ૩ બેઠકો ઉપર ભાજપ અને ૪ બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવારો વિજયી બન્યા હતા. ૫ વર્ષ પછી યોજાતી ચૂંટણીમાં અનેક પ્રકારના રાજકીય સમીકરણો બદલાઈ ગયા છે. ભાજપે ખાસ કરીને ખેડબ્રહ્મા, ભિલોડા અને બાયડ વિધાનસભામાં ભાજપનો ભગવો લહેરાય તે પ્રકારની રણનીતિ અપનાવી છે પરંતુ આ ત્રણેય બેઠકો ઉપરાંત હિંમતનગરમાં ભાજપમાં વકરેલો જૂથવાદ અને કાર્યકરોની નારાજગી પારખવામાં નેતાગીરી થાપ ખાઈ જશે તો પરિણામોમાં મોટાપાયે ઉથલફેર થવાની સંભાવના છે. સામે પક્ષે કોંગ્રેસે હજુ સુધી વિધાનસભાના ચૂંટણી જંગમાં કોઈ મોટા નેતાને મેદાનમાં ઉતાર્યા નથી અને માત્ર ઉમેદવારો મતદારોને ઢંઢોળવાનો પ્રયાસ કરી રહ્યા છે. ચૂંટણીને આડે હવે માત્ર ગણતરીના ૭ દિવસ બાકી છે છતાં વિધાનસભાનો ચૂંટણી જંગ હોય તેવું જામતું નથી. આ સંજોગોમાં બંન્ને રાજકીય પક્ષો માટે કેટલીક બેઠકો ઉપર વકરેલો જૂથવાદ અને નારાજગી કયા પક્ષને નુકસાન પહોંચાડશે તેનો પટારો ૮ ડિસેમ્બરે ખુલશે.

**ભાજપની નજર ૯.૪૮ લાખ મહિલા મતદારો ઉપર**

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૭ વિધાનસભા બેઠકો ઉપર ભાજપનો ચૂંટણી જીતવાનો મુખ્ય મદાર ૯,૪૮,૭૫૯ મહિલા મતદારો ઉપર નિર્ભર છે. ભાજપે બાયડ વિધાનસભા બેઠકમાં મહિલા ઉમેદવારને મેદાનમાં ઉતારી કોંગ્રેસ માટે પડકાર ઉભો કરી દીધો છે. જ્યારે કોંગ્રેસ પણ મહિલા મતદારોને આકર્ષવા માટે ભાજપના શાસનમાં મોંઘવારી વધી, રાંધણ ગેસનો બાટલો મોંઘો થયો જેવા મુદ્દા યાદ કરાવી મહિલા મતદારોને પોતાના તરફી કરવાના ચૂંટણી પ્રચાર દરમ્યાન પ્રયાસ કરતા હોવાનું જોવા મળ્યું છે.



ડીસાના શ્રી સર્વોદય એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત લો કોલેજ કાંટ ખાતે માગશર સુદ બીજને દિવસે બહુચર માની આરતી કરી રસનો પ્રસાદ આપવામાં આવ્યો હતો આ પ્રસંગે લો કોલેજ ના પ્રિન્સિપાલ પીયૂષભાઈ કાનુડાવાળા તેમજ સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.